# અતુલ્ય વારસો સામાયિક દ્વારા સંકલિત 'અંબાજી વિશેષાંક'નું વિમોચન

પાલનપુર તા. ૧૫

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકલક્ષી સુવિધાઓ, વિકાસકાર્યો અને ધર્મ-કલા-સંસ્કૃતિનાં પ્રચાર પ્રસાર માટે સમયાંતરે વિવિધ સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે. તાજેતરમાં અમદાવાદથી પ્રકાશિત થતા અતુલ્ય વારસો સામયિક સાથે સંકલન કરીને 'અંબાજી વિશેષાંકલ્ર તૈયાર કરવામાં આવ્યો હતો. જેનું તાજેતરમાં ગુજરાત રાજ્યનાં પ્રવાસન, યાત્રાધામ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદીનાં વરદહસ્તે તેઓશ્રીની કચેરીમાં, ગાંધીનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના સંવાદદાતા હરેશ જી .જોશીએ જણાવ્યું હતું કે,આ વિમોચન પ્રસંગે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટનાં અધ્યક્ષ અને બનાસકાંઠા કલેક્ટરશ્રી આનંદ પટેલ, વહીવટદારશ્રી એસ.જે.ચાવડા, સિવિલ ઈજનેર શ્રી જી. એલ. પટેલ, પી.આર.ઓ. સિસ્ટમ ઓફિસરશ્રી આશિષ રાવલ ઉપરાંત અતુલ્ય વારસોનાં તંત્રીશ્રી કપિલ ઠાકર, રોનક રાણા અને અન્ય ટીમ આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રકાશિત થયેલ આ અંકમાં વિશેષ કરીને ગબ્બર ખાતે નવનિર્મિત ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથ વિશે વિસ્તૃત માહિતી દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત અંબાજી મંદિરનાં ઈતિહાસ-ધર્મ-સંસ્કૃતિ, મંદિરની વાસ્તુકલા, યાત્રિકલક્ષી સુવિધાઓ, અંબાજી-દાંતા આસપાસના વિસ્તારમાં જોવા મળતો શિલ્પ-સ્થાપત્યકીય વારસો, દેવી શક્તિનું માહાત્મ્ય, સ્થાનિક આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.



## ભિલોડાની ખેરાડી ગ્રુપ ગ્રામ પંચાયતના ડે.સરપંચ પદે નિમણુંક



ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખેરાડી ગામની ખેરાડી ગ્રુપ ગ્રામ પંચાયત ડે.સરપંચ પદે અમરતભાઈ શિવાભાઈ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતા આનંદની લાગણી પ્રસરી છે.સાબર ડેરી ડિરેક્ટર જેસીંગભાઈ આર.પટેલ,સહકારી, રાજકીય અગ્રણીઓ ખેરાડી ગામના સામાજીક કાર્યકરોની ઉપસ્થિતિમાં ડે. સરપંચ બિનહરીફ ચુંટાયા હતા. ડે. સરપંચને ફુલહાર પહેરાવી અબીલ - ગુલાલથી વધાવ્યા હતા.ફટાકડાની આતશબાજી કરાઈ હતી.

### પાલનપુર ખાતે બનાસ બેંકના નવનિયુક્ત ચેરમેન

## અણદાભાઈ પટેલે બેંકના અધિકારીઓ અને કર્મચારીઓને બેંકની પ્રગતિ કરવા ઉત્સાહિત કર્યા

પાલનપુર તા.૧૫

પાલનપુર મુકામે બનાસબેંકના ચેરમેનશ્રી અણદાભાઈ પટેલ સાહેબશ્રીના અધ્યક્ષતામાં બ્રાન્ચ મેનેજર ઓનો સેમીનાર યોજાયો હતો.

આ પ્રસંગે ચેરમેન અણદાભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપ સૌના સાથ સહકારથી બનાસ બેંક ઉત્તરોત્તર પ્રગતિ કરે તેને જ લક્ષ્ય રાખી આગામી દિવસોમાં જિલ્લાના ખેડૂતોમાટે બનાસ બેંક હંમેશા તત્પર રહે તે રીતે કામ કરવા આહવાન કરવામાં આવેલ. આપણી બેંકને પ્રથમ સ્થાને લાવવા બ્રાન્ચ મેનેજરશ્રીને આહ્વાન કર્યુ તેમજ બેંકના અધિકારી ગણ દ્વારા બેંકીંગ સુવિધાઓ, લોન યોજનાઓ, ડિજીટલ ઈરીઝેશન, સાયબર સિક્યુરીટી તેમજ કસ્ટમર રિલેશનશિપ વિશે વિસ્તારપુર્વક માહિતી આપવામાં આવેલ. શ્રીઅણદાભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતુ કે. આ પ્રસંગે ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ સાહેબનો આભાર માનેલ. મારા ઉપર જે વિશ્વાસ મુકેલ જે લાભ છેવાડાના ગરીબ લોકો તેમજ ખેડુતોને લાભ મળે તેના માટે હું સતત પ્રયત્ન કરીશ જેની હું ખાત્રી આપું છું. આ પ્રસંગે ડીરેકટરશ્રીઓ કેશરભાઈ ચૌધરી, જીગરભાઈ દેસાઈ, પરથીભાઈ લોહ, જીતેન્દ્રસિંહ ડાભી તેમજ કાંકરેજ ભાજપના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ તથા બેંકના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.



## બી. ટી. ફૉઉન્ડેશન, મોડાસા દ્વારા વિના મુલ્યે મેડિકલ સહાય યોજનાની શરૂઆત

### એક લાખથી વધુ રકમનું દવાનું વિતરણ, ફોર્મ ભરેલ દર્દીઓને દર મહિને ૧ થી ૫ તારીખમાં દવા વિના મુલ્યે

મોડાસા,તા. ૧૫

અરવલ્લી જિલ્લા ના મોડાસા ખાતે આવેલ બી. ટી. ફૉઉન્ડેશન, મોડાસા (ગરીબ સારવાર કેન્દ્ર ) દ્વારા વિના મુલ્યે મેડિકલ સહાય માં મદદરૂપ થવા કાર્યરત છે. સમાજમાં જરૂરતમંદ તથા અસમર્થ દર્દીઓ જેવા કે ડાયાબિટીસ, ઈન્સુલિન, ખેંચ, થાઈરોઈડ, અસ્થામાં (દમ), કેન્સર, ટી.બી. જેવી બીમારીથી પીડાય છે. અને આવા દર્દીઓને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન મુજબ નિયમિત અને લાંબા સમય સુધી દવાઓ લેવાની જરૂરિયાત ઉભી થતી હોય છે. જરૂરતમંદ તથા અસહાય દર્દીઓને નિયમિત દર માસે વિના મુલ્યે મેડિકલ સહાય ની યોજના આજ રોજ બી. ટી. ફૉઉન્ડેશન ના મેનેજીગ ટ્રસ્ટી અને દાતા દાનવીર જનાબ મ.યુસુફ ઈસ્માઈલભાઈ ટાઢા (બાબુભાઈ ટાઢા) સાહેબ દ્વારા આ યોજના દ્વારા જરૂરતમંદ તથા અસમર્થ દર્દીઓને દવા વિતરણ કરવામાં આવ્યું હતું. અને યોજના વિષે લોકો ને માહિતગાર કરેલ હતા.

ડૉક્ટર વસીમભાઈ સુથાર, ગરીબ સારવાર કેન્દ્ર ના મેડિકલ ઓફિસર ડૉક્ટર જાસ્મિનબેન પહોંચીયા, જુંબેદાબેન મોડાસીયા, સિરાજભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા હતા. બી. ટી. ફૉઉન્ડેશન, મોડાસા, ગરીબ સારવાર કેન્દ્ર ના સુપ્રિટેન્ડેન્ટ સલીમભાઈ પટેલ (એસેન્ટ) એ છેલ્લા એક મહિના થી સમાજમાં જરૂરતમંદ તથા અસમર્થ દર્દીઓના ફોર્મ ગરીબ સારવાર કેન્દ્રમાં ભરી ને આ કામગીરી કરેલ. અને હજુ ફોર્મ ભરવાના ચાલુ જ છે, પ્રિસ્ક્રિપ્શન મુજબ આ ફોર્મ ભરેલ દર્દીઓને બી. ટી. ફૉઉન્ડેશન, મોડાસા દ્વારા એક લાખથી વધુ રકમ ની દવા પુરી પાડી હતી. હવે આ ફોર્મ ભરેલ દર્દીઓને દર મહિને ૧ થી ૫ તારીખ માં દવા વિના મુલ્યે મળી રહેશે, તેમ તેમણે જણાવ્યું હતું.







### ભિલોડા ગ્રામ પંચાયતમાં

## સરપંચ પદે મુકેશભાઈ પી. ત્રિવેદી અને ડે.સરપંચ પદે વીણાબેન એલ.હોથાનો શપથ ગ્રહણ કાર્યક્રમ





ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે મોટા માં મોટી ભિલોડા ગ્રામ પંચાયત એટલે નગર પાલિકા સમકક્ષનો વહીવટ ધરાવતી ભિલોડા ગ્રામ પંચાયતની ચુંટણીમાં વિજય પ્રાપ્ત કરતા સરપંચ પદે મુકેશભાઈ પી.ત્રિવેદી અને ડે.સરપંચ પદે વીણાબેન એલ.હોથાએ કમુરતા ઉતરતા વિજય મુહૂર્તમાં વિધી વિધાન પુર્વક શપથ ગ્રહણનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી લીનાબેન જોષીયારા,તલાટી કમ મંત્રી કૃપાબેન પટેલના અધ્યક્ષ સ્થાને ભિલોડા ગ્રામ પંચાયતના હોલમાં ડે.સરપંચની નિમણુંક સંદર્ભે બેઠક યોજાઈ હતી.સરપંચ અને સર્વે સભ્યોની બેઠક દરમિયાન ભિલોડા ગ્રામ પંચાયતના ડે.સરપંચ પદે વીણાબેન લાલજીભાઈ હોથાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતા આનંદની લાગણી પ્રસરી છે.

## અરવલ્લીના ૭૮૦ પ્રા. શિક્ષકોને ઉચ્ચત્તારનો લાભ અપાયો

### જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કામગીરીની પ્રસંશા

બાયડ, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ઉચ્ચત્તરનો લાભ ઝંખતા પ્રા. શિક્ષકોના તાલુકામાં ઉપસ્થિત રહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કેમ્પનું આયોજન કરી ઉચ્ચત્તરનો લાભ આપતાં પ્રા.શિક્ષકોમાં ખુશાલી છવાઈ છે. ટૂંક સમયમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિવૃત્ત થવાના છે ત્યારે તેઓએ શિક્ષકોને તેમના હક્કથી કોઈ વંચિત ન રાખી શકે તેવા હકારાત્મક ઉદ્દેશ્યથી કરેલી કામગીરીની ૫૦૦૦ થી વધુ શિક્ષકોમાં પ્રસંશા થઈ રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોઈપણ અધિકારી કે કર્મચારી નિવૃત્ત થવાના હોય એટલે બઢતી, પ્રમોશન, ઉચ્ચત્તર લાભ આપવાનું ટાળતા હોય છે કારણ કે ક્યાંક ક્ષતિ આવે તો પેન્શન અટકી જાય આવી માનસિક્તા હજુ પણ જોવા મળે છે ત્યારે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ વયમર્યાદાના કારણે ટૂંક સમયમાં નિવૃત્ત થવાના છે. તેઓએ બઢતી, બદલી અને નિવૃત્ત એ સરકારી નોકરીના આયામ સાથે નિશ્ચિત પડાવ છે તેને જીવન સાથે વણી લીધો. છેલ્લા ૩ દિવસથી બાયડ, માલપુર, મેઘરજ, ધનસુરા, ભિલોડા, મોડાસા તાલુકાના પ્રા.શિક્ષકોના ઉચ્ચત્તર લાભ આપવાના કેમ્પ બી.આર.સી. ભવનમાં જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ કે. પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યા. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પારદર્શક વહીવટની સૌને પ્રતિતિ કરાવી લાભિત ૭૮૦ પ્રા.શિક્ષકોને ઉચ્ચત્તર પગાર લાભ આપ્યા હતા. જ્યારે નિવૃત્ત શિક્ષકો પેન્શન માટે મુશ્કેલી અનુભવતા હોય છે તેને ધ્યાને રાખી મહિલા અધિકારીએ વધુ સંવેદનશીલ બની તેઓ નિવૃત્ત થાય તે પહેલાં નિવૃત્ત શિક્ષકના પેન્શન કેસ માટે હેલ્પલાઈન ડેસ્ક શરૂ કર્યાનું જાણવા મળ્યું છે.

**કેટલાક શિક્ષકોને ઉચ્ચત્તરનો લાભ**

| તાલુકા | પ્રા. શિક્ષકો |
|---|---|
| બાયડ | ૬૫ |
| ધનસુરા | ૧૧૦ |
| મેઘરજ | ૧૩૭ |
| ભિલોડા | ૧૪૦ |
| મોડાસા | ૧૫૯ |
| માલપુર | ૩૯ |




પ્રાંતિજ ખાતે કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ. સ્વ.શફિક ભાઈ ડી. કસ્બાતીના સૌજન્ય ટુર્નામેન્ટ યોજાઈ. મંડળના મંત્રી તથા વિવિધ સંસ્થાઓના આચાર્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રાંતિજના મજરા ત્રણ રસ્તા પાસે અબોલા જીવદયા પ્રેમીનુ અનોખુ કામ

## ઉત્તરાયણ નિમિત્તે જૈન પરીવાર દ્વારા ગૌમાતાને કુમકુમ તિલક કરી પેટ ભરી આહાર આપ્યો

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા ત્રણ રસ્તા પાસે નવકાર પ્લાસ્ટ નામની ફેકટરી ધરાવતા રોશનલાલ જૈન પરીવારે ૧૨૦૦ કિલો ગોળ અને એક આયશર ભરેલુ લીલુ જુવાર નુ ધાસ ૨૦૦ જેટલી ગાયોને પેટભરી ખવડાવી કર્મ નુ ભાથુ ભર્યુ હતુ તો અમદાવાદ થી આખો પરિવાર આવીને પાસેના ગામમાંથી ગોધન બોલાવી ગાયોને પેટ ભરી આહાર આપી ગોળ ખવડાવી ગૌમાતાની પૂજા કરી હતી.




## જન્મદિને વધામણી



સુરેશભાઈ પટેલ
બાયડ



નયન પટેલ
પટેલ મોટર્સ ,બાયડ
સુંદરપુરા



આત્મીય હસમુખભાઈ પટેલ
આકરુન્દ તા, ધનસુરા



સંજય ભાઈ ભલુંભાઈ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



ભાવનાબેન એમ. પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



રાકેશ એન. શાહ
જનતા ગાર્મેન્ટ્સ
બાયડ જીલ્લો અરવલ્લી



ગોપાલભાઈ શાહ
કોટિયાર્ક સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



ધ્રુમિલ વસંત ભાઈ ચૌધરી
ઓસ્ટ્રેલિયા ,સાયરા



ગીરીશભાઈ પ્રવિણચંદ્ર ગોર
ધનસુરા



દયન અરવિંદભાઈ ભાટીયા
ગાયત્રી નગર સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



કેતનભાઇ જે પટેલ
અંતિસરા ધનસુરા



રાજ રમેશભાઈ પટેલ
બાદરપુરા બાયડ



સંજય પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



ભાનુભાઇ પટેલ
જલારામ સીડ્સ
બાયડ જીલ્લો અરવલ્લી



ઈશ્વર સોલંકી
આમોદરા તા.બાયડ



તપન અતુલભાઇ પટેલ
ડિરેક્ટર, તક્ષશિલા સ્કૂલ
બાયડ જીલ્લો અરવલ્લી



મહેન્દ્રભાઈ એમ. પ્રજાપતિ
અમદાવાદ, આકરુન્દ

**રક્તદાન મહાદાન**